# ખોડલધામ બન્યું ખેડૂતધામ : કૃષિમેળામાં લાખોની મેદની




ખોડલધામમાં ઉમટેલી માનવમેદની, કૃષિમેળાના સ્ટોલમાં મુલાકાતીઓનો ધસારો. (નિશુ કાચા)

રાજકોટ, તા. ૨૨ : કાગવડની ભૂમિ ઉપર યોજાયેલા દેશના સૌથી મોટા કૃષિમેળાની મુલાકાતે સૌરાષ્ટ્રભરમાંથી લાખોની સંખ્યામાં ખેડૂતો ઉમટી પડતાં ખોડલધામ ખેડૂતધામ બની ગયું હતું. આયોજકોના જણાવ્યા મુજબ આજના બીજા દિવસમાં ખોડલધામની મુલાકાતે અંદાજે આઠેક લાખ મુલાકાતીઓ ઉમટ્યા હતાં. ખોડલધામ ખાતે જુદી-જુદી કેન્ટીનોની વ્યવસ્થા કરવામાં આવી છે તેમાં દિવસના અંતે સાડા છ લાખ ફૂડ કુપનનું વેચાણ થયુ હતું. ધારણા કરતાં પણ વધુ પ્રવાહને કારણે વ્યવસ્થા સાચવવા ડિઝાસ્ટર મેનેજમેન્ટ સમિતિની કસોટી થઈ હતી.

સવારે ૯ વાગ્યાનો સમય હોવા છતાં સવારે ૭ વાગ્યાથી પ્રવાહ ચાલુ થઈ ગયો હતો. ગોંડલ હાઈ-વે ઉપર ભુણાવાના ટોલનાકે અને જેતપુર પાસેના પીઠડિયાના ટોલનાકે સાતથી ૮ કિલોમીટર લાંબી લાઈનો લાગી હતી. વ્યવસ્થા જાળવવા માટે ખાસ ગોંડલ, વીરપુર અને જેતપુરની પોલીસની મદદ લેવી પડી હતી. ખોડલધામ સમિતિની ડિઝાસ્ટર સમિતિના કાર્યકરોની આજે અગ્નિ પરીક્ષા થઈ હતી. હાઈ-વે ઉપર ટ્રાફિક નિયમન કરવામાં કાર્યકર્તાઓને નાકે દમ આવી ગયો હતો. જો કે ખોડલધામ યોજિત (જુઓ પાનું ૧૦)

## સાડા છ લાખ ફૂડકુપનો અપાયા : હાઈ-વે ઉપર સાતથી આઠ કિલોમીટરનો ટ્રાફિક જામ

### કૃષિમેળામાં નિરાંતે જ્ઞાન મેળવવા નરેશભાઈની અપીલ

ખોડલધામ ખાતે આજે કૃષિમેળાના બીજા દિવસે લાખો ખેડૂતોની મેદની ઉમટી પડતાં અને ભારે મેદનીના કારણે મેળામાં ખેડૂતો માટે અતિ ઉપયોગી સાધનો અને ટેકનોલોજી વિષે ખેડૂતોને જે જાણકારી મળવી જોઈએ તે યોગ્ય રીતે ન મળે તેવું લાગતાં ખોડલધામ ટ્રસ્ટના પ્રમુખ નરેશભાઇ પટેલે બાજી હાથમાં લીધી હતી. તેમણે ટી.વી. અને અન્ય માધ્યમથી ખેડૂતોને બપોર બાદ મેળામાં ન આવવા અપીલ કરી હતી. આ સાથે નરેશભાઈએ જણાવ્યુ છે કે મેળાનો મૂળભૂત ઉદેશ ખેડૂતોને નવુ જ્ઞાન અને ટેકનોલોજીની જાણકારી મળે એ છે. આથી ખેડૂતો સવારથી આવે અને સ્ટોલે સ્ટોલે ફરી પુરતી માહિતી મેળવી (જુઓ પાનું ૧૦)

### ઈમર્જન્સી સારવાર માટે હોસ્પિટલની વ્યવસ્થા

### વૃદ્ધને હૃદયરોગનો હુમલો આવતાં તાત્કાલિક સારવાર

શ્રી ખોડલધામ ટ્રસ્ટ આયોજિત દેશના સૌથી મોટા કૃષિમેળામાં સ્થળ ઉપર ઈમરજન્સી સારવાર કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે. છેલ્લા બે દિવસમાં મેળા દરમિયાન ૧૩૫ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી અને આજે એક વૃદ્ધ દર્દીને હૃદયરોગનો હુમલો આવતાં આઈસીયુ એમ્બ્યુલન્સમાં રાજકોટ સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. આ અંગે ખોડલધામ મેડિકલ સેન્ટરની ડોક્ટર પેનલના ડૉ. મિતેષ ભેડેરીએ જણાવ્યું હતું કે ગઈકાલે ઉદ્‌ઘાટનના દિવસે ૭૫ દર્દીઓ આવ્યા હતા જેમને સ્થળ ઉપર જ સારવાર (જુઓ પાનું ૧૦)

# સાયલાના મોરસલ ગામે પ્રેમ પ્રકરણમાં દાદા-પૌત્રની લોથ ઢળી



ઘટના સ્થળે તપાસ ચલાવતી પોલીસ. (મિલન રાવલ)

(ફૂલછાબ ન્યૂઝ)

વઢવાણ, તા. ૨૨ : સાયલાના મોરસલ ગામે પ્રેમ પ્રકરણના ડખ્ખામાં બે જૂથ વચ્ચેની અથડામણમાં દાદા અને પૌત્રની લોથ ઢળી હતી. કોળીના બે જૂથ વચ્ચેના સશસ્ત્ર ધીંગાણામાં ૨૮ વર્ષના યુવાન જેસા મગન વાઘેલા અને તેના દાદા કેહા મેરાની હત્યા થઇ હતી.

આ બેવડા ખૂનના બનાવની વિગત અનુસાર સાયલાના મોરસલ ગામે મગન મેરા વાઘેલાની પુત્રી સાથે આરોપી રાણા હરજીને પ્રેમ થઇ ગયો હતો. આથી મોરસલ સમસ્ત ગામે પંચ બેસાડી નક્કી કર્યું હતું કે રાણા હરજીએ ગામમાં એ યુવતીના લગ્ન થઇ જાય નહીં ત્યાં સુધી પ્રવેશવું નહીં. આ સમાધાન રાણા હરજી અને તેના પરિવારે પંચ સમક્ષ સ્વીકાર્યું હતું. પરંતુ બાદમાં આ શરતનો ભંગ કરી રાણા હરજી પાછો મોરસલ આવી ગયો હતો અને જૂની પ્રેમીકાની પજવણી શરૂ કરી હતી. આથી ફરિયાદી મગન મેરા અને તેના પરિવારજનો આરોપીના ઘરે ઠપકો દેવા ગયા હતા અને તાત્કાલિક રાણા હરજીને ગામ બહાર મોકલી દેવા કહ્યું હતું.

આ વાતનું મનદુઃખ રાખીને દસ આરોપીઓ દલસુખ હરજી, દિનેશ હરજી, રાણા હરજી, પુના વશરામ, જયસુખ વશરામ, કડવા કાળા, હરજી વિહા, રમેશ કેહા, વશરામ વિહા અને બીજલ વશરામ પાઇપ-લાકડી અને ધોકા લઇ જ્યાં જેસા મગન વાઘેલા વાડીએ સુતો હતો ત્યાં જઇ લાકડી-ધોકાથી તૂટી પડી તેનું ઢીમ ઢાળી દીધું હતું. ત્યાંથી આ લોહી તરસ્યું બેકાબૂ ટોળુ મૃતક યુવકના દાદા કેહા મેરા ગામ બહાર વાડામાં સૂતા હતા ત્યાં ધસી જઇ તેમના પર હથિયારથી તૂટી પડ્યું હતુ અને તેમનું પણ ખૂન કર્યું હતું. ત્યાંથી આ ટોળુ ફરિયાદી મગન મેરા વાઘેલાના ઘરે ધસી ગયું હતું અને આતંક ફેલાવીને મુન્ના કેહા, દલા કેહા, શાંતુબેન અને ફરિયાદી મગન મેરા પર તૂટી પડીને ઇજાઓ કરી હતી. આ તમામને સારવાર માટે સુરેન્દ્રનગર ખસેડવામાં આવ્યા છે.

### લોહી તરસ્યા ટોળાનો આતંક : ચારને ઈજા: સાયલાની હોસ્પિટલ પર અને મોરસલ ગામમાં પોલીસનો ચુસ્ત બંદોબસ્ત

બેવડા ખૂનના બનાવની જાણ થતાં પીએસઆઇ એ.બી. ગોહિલ, બી.બી. સોલંકી, એલસીબી પી.આઇ. જે.પી. રાઓલ અને સ્ટાફ ઘટનાસ્થળે ધસી ગયો હતો. જ્યાં બન્ને લાશનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું તે સાયલાની હોસ્પિટલ પર અને મોરસલ ગામમાં પોલીસે ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દીધો હતો. ડીવાયએસપી જસાણી પણ સાયલા અને મોરસલ ધસી ગયા હતા.

## ટંકારા નજીક બંગાવડી ડેમ પરથી અંતે ૩૮ કિ.મી.અનિઅધિકૃત પાઇપ લાઇનો હટાવી લેવાઇ

ટંકારા, તા.૨૨: ટંકારા નજીક આવેલા બંગાવડી ડેમમાંથી લાંબા સમયથી અનેક ખેડૂતોએ પાઇપ લાઇન નાખી આ પાણીનો સિંચાઇ તરીકે ઉપયોગ કરતાં હતા પરંતુ બંગાવડી ગામના ભાણજીભાઇ મોહનભાઇ મેંદપરાએ હાઇકોર્ટમાં આ બાબતે અરજી કરતાં હાઇકોર્ટે આ પાઇપ લાઇન હટાવી લેવા તંત્રને આદેશ કર્યો હતો, જેના સંદર્ભમાં પાઇપ લાઇન કાઢી નાખવા છેલ્લા કેટલાક સમયથી પોલીસ બંદોબસ્ત હેઠળ કાર્યવાહી ચાલી રહી અંતે આ મેગા ઓપરેશન આજે પુરૂ થતાં ૩૮ જેટલી પાઇપ લાઇન હટાવી લેવાઇ છે.

રાજકોટ જિલ્લા કલેકટર ડો.રાજેન્દ્રકુમાર અને તેમના તાબાના અધિકારી શ્રીરાવલ, નાયબ ક્લેકટર જોષી, સુપ્રિટેન્ડન્ટ એન્જીનિયર પીપળિયા, કાર્યપાલક ઇજનેર વાઢેર, મામલતદાર કે.વી.બાટી, ડીવાયએસપી દાફડા, તાલુકા વિકાસ અધિકારી માંકડ, ટંકારાના પી.એસ.આઇ. ધોળા વિગેરેએ ૩૮ જેટલી પાઇપ લાઇન હટાવી દીધી હતી.

# દક્ષિણ ગુજરાતમાં ગેસપુરવઠો બંધ થતાં ઔદ્યોગિક એકમોને ૭૫ કરોડનું નુકસાન

### આઠસો જેટલાં એકમમાં ઉત્પાદન ઘટી ગયું, ટેક્સટાઇલ ઉદ્યોગને સૌથી મોટો ફટકો



સુરત,અંકલેશ્વર,તા.૨૨: દક્ષિણ ગુજરાતમાં આગામી દસ દિવસ સુધી ગેસપુરવઠો બંધ કરાતા આશરે આઠસો જેટલાં એકમો મુશ્કેલીમાં મૂકાઇ ગયા છે, સુરતમાં દોઢસો જેટલી ડાઇંગ મિલમાં દરરોજ ૭૫ કરોડનું નુકસાન થઇ રહ્યું છે. આ અંગે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના અધિકારીએ એવું જણાવે છે કે ગેસના વૈકલ્પિક બળતણ અંગે વિચારણા કરવા એક કમિટિ બનાવાઇ છે અને ગાંધીનગરની વડી કચેરી ખાતે આ બાબતે તમામ પાસાની ચકાસણી થઇ રહી છે આ બાબતે આખરી નિર્ણય વડીકચેરી દ્વારા જ લેવાશે.

સુરત સહિત દક્ષિણ ગુજરાતના ઉદ્યોગોમાં આજથી આગામી દસ દિવસ સુધી ગુજરાત ગેસ કંપની ગેસ પુરવઠો આપવાનો બંધ કરવાનો નિર્ણય લેવાયો હોવાથી આઠસો જેટલાં ઔદ્યોગિક એકમોના ઉત્પાદન પર અસર થઇ છે.

સુરતમાં દોઢસો જેટલી ડાઇંગ મિલ એવી છે જે ગેસ આધારિત છે, એક મિલમાં આશરે એક લાખ મીટર કાપડનું ઉત્પાદન થતું હોય છે અને ફિનીશ્ડ ઉત્પાદનનો ભાવ અંદાજે રૂ. ૫૦ ગણીએ તો એક મિલને રૂપિયા પચાસ લાખનું નુકસાન થાય, આવી એક (જુઓ પાનું ૧૦)

### ગેસ કંપનીથી ત્રાસી સુરતની ૪૦ ડાઇંગ મિલો કોલસા આધારિત બનશે

■ ખ્યાતિ જોષી

સુરત, તા. ૨૨: છેલ્લાં બે વર્ષથી ટેક્સટાઇલ ઉદ્યોગ મંદીની મારથી પરેશાન છે. કારીગરોનો પ્રશ્ન હોય કે કાચામાલનાં ભાવવધારાનો મુદ્દો હોય. તમામ બાજુથી કપડાઉદ્યોગ ભીંસમાં છે. એવામાં ગેસ કંપની દ્વારા વર્ષમાં ત્રણ થી ચાર વખત અલગ અલગ તબક્કે ભાવવધારો કરવામાં આવતો હોય તો કોઇપણ ઉદ્યોગની કમ્મરભાંગી જાય. ગેસ કંપનીની તાનાશાહી સામે હવે ડાઇંગમીલ માલિકો ગેસ સામે (જુઓ પાનું ૧૦)

# સુરત, વડોદરા સહિત દક્ષિણ ગુજરાતમાં કડાકા ભડાકા સાથે વરસાદ



અમદાવાદમાં છવાયેલા ગાઢ ધુમ્મસની તસવીર. (રમેશ દવે)

### અમદાવાદ સહિત મધ્ય ગુજરાતમાં ઘેરુ ધુમ્મસ : ૪ ફ્લાઈટ રદ કરવી પડી : સૌરાષ્ટ્રમાં ઠંડીમાં ઘટાડોઃ વડોદરામાં દોઢ ઈંચ વરસાદ વરસી ગયો

રાજકોટ, તા.૨૨: (ફૂલછાબ ન્યૂઝ) વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર સૌરાષ્ટ્રમાં ઓછી થઈ છે, પરંતુ સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં મંગળવારે મોડી રાત્રે કડાકાભડાકા સાથે કમોસમી વરસાદ પડ્યો હતો તો અમદાવાદ સહિત મધ્યગુજરાતમાં સવારે અતિ ભારે ધુમ્મસને કારણે ઝરમરિયા વરસાદ જેવો માહોલ સર્જાયો હતો. ભારે ધુમ્મસને લીધે વાહનચાલકો પરેશાન થયા હતા, ચાર ફ્લાઈટ ડાયવર્ટ કરવામાં આવી હતી. સૌરાષ્ટ્રમાં ઠંડીમાં ઘટાડો નોંધાયો હતો.

**સુરતના અહેવાલઃ** વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે સુરત સહિત સમગ્ર દક્ષિણગુજરાતમાં છેલ્લા બેદિવસથી કમોસમી વરસાદ થઇ રહ્યો છે. ગત મોડી રાત્રે કડાકા ભડાકા સાથે થયેલા વરસાદથી આજે બીજા દિવસે શહેરીજનોને ભારે મુશ્કેલીનો સામનો કરવાની ફરજ પડી હતી. તો વરસાદને કારણે પાણીના ખાબોચિયા ભરાઇ જતા લગ્ન-પ્રસંગોમાં આયોજકોની દોડધામ વધી ગઇ હતી. લોકોએ વરરાજાને ખભે ઉચકીને મંડપ સુધી લઇ ગયા હતા. પડી રહેલા કમોસમી વરસાદ બીનબુલાયે મહેમાન બની ને આવ્યો હતો. ખુલ્લા પાર્ટી પ્લોટોમાં લગ્ન કે રિસેપ્શનનું આયોજન કરનારા આયોજકોને બદલાયેલ મોસમને લીધે પોતાના આયોજનો પડતા મુકવાની ફરજ પડી હતી. વેધરની દબંગ સ્ટાઇલથી સ્વેટર પહેરવું કે રેઇનકોટ તે અંગે લોકો મૂંઝવણમાં મુકાયા હતા.

સુરત ડિઝાસ્ટર વિભાગ દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર ગત રોજ ચોર્યાસીમાં ૪ મીમી, કામરેજમાં ૪ મીમી ઓલપાડમાં ૬ મીમી, પલસાણામાં ૩ મીમી અને સુરત શહેરમાં ૪ મીમી વરસાદ નોંધાયો હતો. તો આજે સવારે ૮ થી ૧૦ વાગ્યા સુધીમાં જિલ્લાના પલસાણામાં ૩ મીમી, કામરેજમાં ૭ મીમી ઉમરપાડામાં ૫ મીમી અને સુરત શહેરમાં ૩ મીમી (જુઓ પાનું ૧૦)

# પોરબંદરમાં પોલીસ ચોકી પાસે જ રૂ. ૧૬ લાખની લૂંટ

### આંગડિયા પેઢીના કર્મચારીની આંખ પર મરચાની ભુકી છાંટીને બાઇકસવાર લૂંટ કરીને નાસી ગયા

પોરબંદર, તા.૨૨: અહીંના રેલવે સ્ટેશનની બહાર સ્ટેશન પોલીસ ચોકીના દરવાજા પાસે જ કરશનજી વાઘેલા નામના આંગડિયા પેઢીના કર્મચારીને આંખમાં મરચાની ભુકી છાંટીને રૂ. ૧૬ લાખની રોકડ રકમની લૂંટ કરીને ડબલસવારીવાળા બાઇક પર આવેલા બે શખસ નાસી ગયા હતાં. લુટારુઓને ઝડપી લેવા જિલ્લાભરમાં નાકાબંધી કરાવવામાં આવી છે.

કે.રતનલાલ નામની આંગડિયા પેઢીમાં નોકરી કરતો કરશનજી બળદેવજી વાઘેલા નામનો કર્મચારી આંગડિયા પેઢીમાંથી રૂ. ૧૬ લાખની રોકડ રકમ સાથેનો થેલો લઇને પોરબંદરથી મુંબઇ જતી સૌરાષ્ટ્ર એકસપ્રેસ ટ્રેનમાં જવા નિકળ્યો હતો. કરશનજી રેલવે સ્ટેશન પાસેની સ્ટેશન પોલીસ ચોકીના પગથિયા પાસેથી પસાર થઇ રહ્યો હતો. ત્યારે અચાનક બાઇક પર બે યુવાન ધસી આવ્યા હતાં અને કરશનજીની આંખ પર મરચાની ભુકી છાંટીને તેના હાથમાં રહેલો રોકડ રકમ સાથેનો થેલો આંચકીને નાસી ગયા હતાં. પળભરમાં બનેલી આ ઘટનાથી કરશનજી વાઘેલા હેબતાઇ ગયા હતાં અને તે દેકારો કરે તે પહેલા લુટારુઓ નાસી ગયા હતાં. એ પછી તેણે બુમો પાડવાનું શરૂ કરતાં શહેરના ભરચક્ક એવા આ વિસ્તારમાં લોકોના ટોળા એકત્ર થઇ ગયા હતાં. એ પછી કરશનજીએ પોલીસ ચોકીમાં જઇને લૂંટની ઘટનાની જાણ કરી હતી. લૂંટ થયાની જાણ થતાં જ એસ.પી. દિપન ભદ્રન અને ડીવાયએસપી લીંબાસિયા, મુનિયા અને એલસીબીના પીઆઇ સરવૈયા સહિતનો પોલીસ કાફલો બનાવ સ્થળે પહોંચી ગયો હતો અને લુટારુઓને ઝડપી લેવા જિલ્લાભરમાં નાકાબંધી કરાવી હતી. આ લૂંટની ઘટના પૂર્વ આયોજીત હોવાનું અને આંગડિયા પેઢીના કર્મચારી પાસે લાખોની રોકડ રકમ હોવાની જાણકારી ધરાવતા શખસોએ લૂંટ કર્યાના અનુમાન સાથે પોલીસે તપાસ હાથ ધરી છે.



લૂંટનો ભોગ બનેલા આંગડિયા કર્મચારી અને તપાસ ચલાવતી પોલીસ. (જિજ્ઞેશ પોપટ)

# ‘ઓલ ધ બેસ્ટ’ બોર્ડની પરીક્ષાનો હાઉ હટાવશે

રાજકોટ, તા. ૨૨ : બોર્ડની પરીક્ષાની તારીખ જાહેર થતાં જ વિદ્યાર્થીઓ તો ઠીક વાલીઓને પણ પરીક્ષાનો હાઉ ઘૂસી ગયો છે. બોર્ડની પરીક્ષા જાણે બહુ મોટો બોજો હોય તેમ ધો. ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ ડરતા હોય છે. જો કે તરફ વાલીઓની અપેક્ષા પણ બહુ મોટી હોય છે. ઘણા વિદ્યાર્થીઓ પરીક્ષાના ડરના કારણે આપઘાત કરી લેતા હોય છે. પરીક્ષાના હાઉને દૂર કરવા માટે રાજકોટના બે યુવાનોએ એક ‘ઓલ ધ બેસ્ટ’ ડોક્યુમેન્ટ્રી તૈયાર કરી છે. આ દસ્તાવેજી ફિલ્મ રાજકોટની અને સૌરાષ્ટ્રની શાળામાં વિનામૂલ્યે દર્શાવવાનું શરૂ કરી દેવાયું છે. વિદ્યાર્થીઓને પણ નિઃશુલ્કમાં અપાય છે. રાજકોટની તમામ શાળામાં દર્શાવવામાં આવશે. આ શોર્ટ ફિલ્મમાં માત્ર બોર્ડના છાત્રોને સંદેશો નથી પણ તેના વાલીઓને પણ સંદેશો પહોંચાડવાનો પ્રયત્ન બે ગુજ્જુ યુવાનોએ કર્યો છે. આ અનોખી ડોક્યુમેન્ટ્રીમાં શિક્ષણવિદો, સામાજિક અગ્રણી, ધર્મગુરુઓનો અભિપ્રાયો લેવામાં આવ્યા છે.

બોર્ડના વિદ્યાર્થીઓ માટે ઓલ ધ બેસ્ટ તૈયાર કરનાર વિકાસભાઈ રાજપોપટ કહે છે કે, છેલ્લા કેટલાક સમયથી સૌરાષ્ટ્રના શિક્ષણના બોજથી કે પછી બોર્ડની પરીક્ષામાં નાસીપાસ થવાથી આપઘાતના કિસ્સાઓ વધી રહ્યા છે. વિદ્યાર્થીઓને આપઘાત કરતા રોકીને પરીક્ષાનો જે ભય છે તે દૂર કરવા માટે ‘ઓલ ધ બેસ્ટ’ ડોક્યુમેન્ટ્રી તૈયાર કરી. જેના થકી છાત્રો અને વાલીઓને સંદેશો આપવાનો નમ્ર પ્રયત્ન કરાયો છે.

જ્યારે દેવાંગભાઈ વિભાકર કહે છે કે, ધો. ૯માંથી ૧૦મા કે પછી ધો. ૧૧માંથી ૧૨માં સંતાન આવે એટલે વાલીઓનું ટેન્શન વધી જાય છે ત્યારે આ શૈક્ષણિક ડોક્યુમેન્ટ્રીમાં બોર્ડની પરીક્ષા નજીક આવી રહી છે દરમિયાન નેગેટીવ વિચારોને કેવી રીતે દૂર કરવા અને પરીક્ષાની કેવી રીતે તૈયારી કરવી જેવી અનેક વિધ ટિપ્સ મુદ્દાસર આપવામાં આવી છે. અત્યાર સુધીમાં ૪૦૦થી વધુ ડીવીડી વિનામૂલ્યે આપી દેવામાં આવી છે. કુલ ૧૦ હજારથી પણ વધારે વિદ્યાર્થીઓને બતાવવામાં આવશે. ૧ હજારથી વધારે ડીવીડી વિતરણ કરવાનો દાવો બન્ને યુવાનોએ કર્યો છે. ગુજ્જુ યુવાનોની અનોખી પહેલથી શિક્ષણવિદો પણ પ્રભાવિત થઈ ગયા છે. સૌરાષ્ટ્રમાં તો ઓલ ધ બેસ્ટ ડીવીડી ઓન ડિમાન્ડ થઈ છે પણ બહારના રાજ્યની સ્કૂલોમાંથી ૫-૭ આ ડીવીડી મંગાવવામાં આવી છે.

ડોક્યુમેન્ટ્રીમાં શિક્ષણવિદો ગીજુભાઈ ભરાડ, વસંતભાઈ પાઠક, સોનલબેન શાહ, ડી.વી. મહેતા, પ્રવીણભાઈ મણિયાર, ડૉ. વિજયભાઈ નાગ્રેચા, ધાર્મિકમાં સર્વસ્થાનંદજી, ત્યાગવલ્લભસ્વામી, ડેનિશ પટેલ, એચ.પી. સિંઘ, નરેશ પટેલ, અતુલ સંઘવી સહિતના લોકોના પ્રતિભાવો રજૂ કરાયા છે.

કુલ ૩૫ મિનિટમાં તૈયાર થયેલી શૈક્ષણિક અને મનોવૈજ્ઞાનિક ઓલ ધ બેસ્ટ ડોક્યુમેન્ટ્રી થોડા સમયમાં યુ-ટ્યૂબ ઉપર પણ મૂકવાનો દાવો બન્ને ડોક્યુમેન્ટ્રી મેકર યુવાનોએ કર્યો છે. આ ડોક્યુમેન્ટ્રી આપ પણ આપની સ્કૂલમાં દર્શાવવા માગતા હોય કે પછી મેળવવા માગતા હોય કે પછી ડોક્યુમેન્ટ્રી બનાવવા બદલ અભિનંદન આપવા ઈચ્છતા હોય તો વિકાસભાઈ રાજપોપટનો મો. નં. ૯૯૦૯૦ ૧૧૨૩૩ ઉપર સંપર્ક સાધી શકો છો. ઓલ ધ બેસ્ટ...




### રાજકોટના બે યુવાનોની અનોખી પહેલ : શૈક્ષણિક ડોક્યુમેન્ટ્રી બનાવી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવે છે




મુદ્રક અને પ્રકાશકઃ **નરેન્દ્ર જેઠીદાન ઝીબા** સૌરાષ્ટ્ર ટ્રસ્ટ વતી સૌરાષ્ટ્ર મુદ્રણાલય, ફૂલછાબ ચોક, રાજકોટ-૩૬૦૦૦૧માં છાપ્યું અને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યુ છે. મેનેજિંગ એડિટર : **કુન્દન વ્યાસ,** તંત્રી : **કૌશિક વૃજલાલ મહેતા, રાજકોટ કાર્યાલય** : ફૂલછાબ કાર્યાલય, ફૂલછાબ ચોક, રાજકોટ-૩૬૦૦૦૧. **અમદાવાદ કાર્યાલયઃ** ૨૦૨, કલીંગ બિલ્ડીંગ, બાટા શો રૂમ પાછળ, ટાઈમ્સ ઓફ ઈન્ડીયા સામે, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯, ☎ (૦૭૯)૨૬૫૮૮૭૭૪, ફેકસ (૦૭૯)૨૬૫૮૯૮૯૧ **દિલ્હી** : આઈ.એન.એસ બિલ્ડીંગ, રફી માર્ગ, નવી દિલ્હી, ☎ (૦૧૧) ૨૩૭૧૧૦૦૨. **વડોદરા** : બ્લોક નં. ૩/૪ પદ્માવતી શોપીંગ સેન્ટર, ન્યાયમંદિર પાસે, ☎ (૦૨૬૫) ૨૪૩૨૭૫૭, ૨૪૧૨૯૦૬ **દક્ષિણ ગુજરાત કાર્યાલય** : "લવ કુશ" ગ્રાઉન્ડ ફલોર, જયઅંબે રોડ, વિવેકાનંદ પૂલ પાસે, અડાજણ રોડ, સુરત, ☎ ટેલીફેકસ : (૦૨૬૧) ૨૭૮૦૮૫૦ **મુંબઇ** : જન્મભૂમિ ભવન, જન્મભૂમિ માર્ગ, ફોર્ટ. ☎ (૦૨૨) ૨૨૮૭૦૮૩૧ (૪ લાઈન) Reg. No. G.R.J.17, RNI NO. 1690/57